
# પૂરગ્રસ્ત ધાનેરાની મુલાકાતે રાહુલ ગાંધી

## મલોતરા બારોટવાસ, રાજપૂતવાસ, માર્કેટયાર્ડ અને લાલચોક ખાતે સભા સંબોધી

ધાનેરા વિસ્તાર ના પૂરગ્રસ્ત લોકો ની મુલાકાત લેવા માટે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી ધાનેરા આવી પહોંચ્યા હતા અને ધાનેરા ના માલોત્રા ગામ સહીત ધાનેરા ના વિવિધ વિસ્તારો ની લઈ ધાનેરા લાલચોક ખાતે સભા સંબોધી હતી તો બીજી તરફ ભાજપ ધ્વરા રાહુલ ગાંધી ના કાર્યક્રમમાં કાલાવાવટા ફરકાવી મોદી,,,મોદી ના સુત્રોચાર કાર્ય હતા.

કોંગ્રેશ અધ્યક્ષ રાહુલ ગાંધી અશોક ગહેલોત ભરતસિંહ સોલંકી અર્જુન મોઢવાડીયા અહેમદ પટેલ સહીત ની ટિમ આજે ધાનેરા આવી પહોંચી હતી અને ધાનેરા ના પૂરગ્રસ્ત લોકો ની મુલાકાત લીધી હતી રાહુલ ગાંધી ધાનેરા ના થાવર ગામ ના હેલીબેટ પર ઉતર્યા બાદ ધાનેરા ના માલોત્રા ગામે ગયા હતા અને ત્યાં પૂર માં મૃત્યુ પામેલા લોકો ને ઘરે જય મૃતક ના પરિવાર જનોને દિલાસો આપ્યો હતો તે બાદ ધાનેરા ના રાજપૂત વાસ બારોટ વાસ માં પૂરગ્રસ્ત લોકો ની મુલાકાત લીધી હતી અને મૃત્યુ પામનાર ઘરે ગયા હતા ત્યાર બાદ ધાનેરા માર્કેટયાર્ડ માં ગયા હતા અને માર્કેટયાર્ડ નું નિરીક્ષણા વેપારીઓ સાથે મુલાકાત કરી હતી તે બાદ ધાનેરા ના લાલ ચોક ખાતે સભા સંબોધી હતી જેમાં જણાવ્યું હતું કે અમારી સરકાર ગુજરાત માં પણ નથી અને દિલ્હી માં પણ નથી છતાં પણ એમેલોકો તમારી સાથે ઉભા છીએ અને ડો ટીન કાલે જાડો સે હેમ પીછે હાટને વાલે નહિ હે તો બીજી તરફ ભાજપ ધ્વરા રાહુલ ગાંધી નો વિરોધ કરવામાં આવ્યો હતો અને કાલાવાવટા ફરકાવવા ની કોશિશ કરતા પોલીસે ભાજપ કાર્યકરો ને રોક્યા હતા તો બીજી તરફ ભાજપ ના લોકો ધ્વરા મોદી મોદી ના નારા સાથે રાહુલ ગાંધી નો વિરોધ કર્યો હતો.





# કોંગ્રેસ પાર્ટીના અનેક કાર્યકરો વિફર્યા : પોલીસનો લાઠીચાર્જ

## યુથ કોંગી નેતાઓએ બનાસકાંઠા ડીએસપીને આવેદનપત્ર પાઠવી : હુમલાખોરોને સખત નશ્યત કરવા માંગણી કરી

પાલનપુર, તા.૪

બનાસકાંઠાના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત દરમ્યાન કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની કાર પર પથ્થરમારાના હુમલાને લઈ ખાસ કરીને કોંગ્રેસના યુવા કાર્યકરો અને યુથ કોંગ્રેસમાં ઉગ્ર આક્રોશ ભભૂકી ઉઠયો હતો કારણ કે, તેમના યુવા નેતા પર હુમલો થયો હતો. રોષે ભરાયેલા યુથ કોંગ્રેસના સંખ્યાબંધ કાર્યકરોએ પોલીસ ફરિયાદ નોંધવાની માંગણી સાથે બનાસકાંઠા ડીએસપીને આવેદનપત્ર પણ આપ્યું હતું. જો કે, કોંગ્રેસના યુવા કાર્યકરોના સૂત્રોચ્ચાર અને આક્રોશ દરમ્યાન સ્થાનિક પોલીસે તેઓની પર ભારે લાઠીચાર્જ કર્યો હતો અને તેમની અટકાયત પણ કરી હતી. જો કે, યુવા નેતાઓના ભારે વિરોધ અને કોંગ્રેસપક્ષની માંગણી બાદ છેવટે આ સમગ્ર મામલામાં ધાનેરા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવા પામી હતી. કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની કાર પર પથ્થરમારાના હુમલાના વિરોધમાં યુથ કોંગ્રેસના નેતાઓ પણ મેદાનમાં આવી ગયા હતા અને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. યુથ કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થઈ ભાજપ વિરોધી સૂત્રોચ્ચાર અને નારાઓ લગાવી વાતાવરણ ગજવી મૂકયું હતું. યુથ કોંગ્રેસના નેતાઓએ બનાસકાંઠા ડીએસપીને આ સમગ્ર મામલામાં એફઆઈઆર દાખલ કરવા અને હુમલાખોર આરોપીઓને સખત નશ્યત કરવાની જોરદાર માંગણી કરી હતી. જો કે, વીફરેલા કોંગ્રેસના કાર્યકરો પર પોલીસે એક તબક્કે લાઠીચાર્જ કરતાં કેટલાક કાર્યકરોને ઈજા પહોંચી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસન પ્રવકતા મનીષ દોશી, યુવા કોંગ્રેસ નેતા કરણસિંહ તોમર સહિતના અગ્રણીઓએ હુમલાની નિંદા કરતાં જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીજી અમારા યુવા નેતા છે અને કોંગ્રેસના યુવા કાર્યકર્તાઓના પ્રેરણામૂર્તિ છે. તેમની પર આ પ્રકારે હુમલો એ લોકશાહીનું અપમાન છે. રાહુલ ગાંધી અહીં પૂરપીડિતોના દુઃખ દર્દ વહેંચવા આવ્યા હતા પરંતુ પૂરપીડિતો રાહુલ ગાંધીને અહીંની સાચી હકીકતો અને સરકારની નિષ્ફળતા કહી ના દે તેવા ભયથી ભાજપના લોકોએ આ હુમલો કરાવ્યો છે. ગુજરાતની પ્રજા સામે ભાજપનો હિંસક ચહેરો સામે આવ્યો છે અને પ્રજા તેને સાંખી નહી લે. ભાજપે રાહુલ ગાંધી પર હુમલો કરાવી તેની વિકૃત માનસિકતા છતી કરી છે. કોંગ્રેસના કાર્યકરો પર પોલીસના લાઠીચાર્જને વખોડતાં તેમણે જણાવ્યું કે, પોલીસ તેની નૈતિકતા ખોઈ ચૂકી છે અને ભાજપ સરકારના દલાલ તરીકે કામ કરી રહી છે. ન્યાય માંગતા નિર્દોષ કોંગી કાર્યકરો પર લાઠીચાર્જનો અમાનવીય અત્યાચાર નિંદનીય છે.



આજે વિજય રૂપાણી પોતાના પાંચ દિવસ બનાસકાંઠાના પુર્ણ કરી પરત ગાંધીનગર ફરતાં પહેલાં વહેલી સવારે પોતાના પરીવાર સાથે યાત્રાધામ અંબાજી ખાતે મા અંબાને નત્તમસ્તક થવાં પહોંચ્યા હતા. જ્યાં મંદિર ટ્રસ્ટ દ્વારા તેમનું ઉષ્માભર્યુ સ્વાગત કરાયુ હતુ અને નીજ મંદિરમાં માતાજીની પુજા અર્ચના કરી કપુર આરતી ઉતારી હતી. આ પ્રસંગે મંદિર ટ્રસ્ટ દ્વારા માતાજીની પ્રતીમા સ્મૃતી ચિન્હ સ્વરૂપે ભેટ અપાઈ હતી. અને ત્યાર બાદ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી માતાજીની ગાદી ઉપર ભટ્ટજી મહારાજ પાસે રક્ષા પોટલી બંધાવી આશીર્વાદ લીધા હતા. ત્યાર બાદ તેમનાં એક મિત્ર હેતલરાજગુરુ સાથે પરીવાર સહીત માતાજીની ધજા ચઢાવી હતી અને ત્યાર બાદ પોતે ગાંધીનગર જવા માટે રવાના થયા હતા. અને તેમનાં ધર્મપત્ની તથા પરીજનો ગબ્બરનાં દર્શનાર્થે જવા નિકળ્યા હતા. અંબાજીની આ મુલાકાત દરમીયાન તેમને માતાજીને પ્રાથના કરી હતી કે રાજ્યભરમાં આવો પ્રકોપ ન થાય અને બનાસકાંઠા જીલ્લો સતવરે બેઠુ થાય જ્યારે રાહુલ ગાંધી આજે બનાસકાંઠા મુલાકાતે છે ત્યારે વિજય રૂપાણીએ તે બાબતે જણાવ્યુ હતુ કે રાહુલગાંધી બનાસકાંઠાની અસરગ્રસ્ત પ્રજા વચ્ચે રાજકારણ ન કરે. આગામી રાજ્યસભાની ચુંટણીમાં ત્રણે સભ્યો ભાજપાનાં વિજય બનતે તેવી આશા વ્યક્ત કરી હતી અને બેગલુરૂ ગયેલાં ગુજરાતનાં ધાસાસભ્યો બાબતે જણાવ્યુ હતુ કે સોનીયા ગાંધીએ પુત્ર પ્રેમમાં કોંગ્રેસ ડુબાડી છે. જ્યારે અહેમદ પટેલ પોતાના વિજયને લઈ ગુજરાતનાં કોંગ્રેસી ધાસાસભ્યોને ડુબાડશે.

## માલપુર ગામમાંથી શ્રાવણીયો જુગાર રમતા ૬ શકુનિઓ ઝડપાયા

અરવલ્લી,તા. ૪

અરવલ્લી જિલ્લાના માલપુર ગામે એક શખ્શ તેના ઘરની ઓસરી નજીક ઓરડી બનાવી તેમાં હાર-જીતનો ગેરકાયદેસર જુગાર રમાડતો હોવાની માલપુર પોલીસને બાતમી મળતા બુધવારે સાંજના સુમારે રેડ કરી ૫ શકુનિઓને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા.

માલપુર ગામમાં રહેતા રાજેન્દ્રસિંહ ગૌતમસિંહ પરમાર તેના રહેઠાણના સ્થળે ઓરડી બનાવી ચોરીછૂપીથી ગંજી પાનાથી હાર-જીતનો જુગાર રમી રમાડી નાળના પૈસા ઉઘરાવતો હોવાની બાતમીને આધારે માલપુર પોલીસ છાપો મારતા ઓરડીમાંથી જુગાર રમતા રતનસિંહ ભવરસિંહ રાજપૂત, કરણભાઈ દલાજી વણજારા, મહેન્દ્રસિંહ પ્રવિણસિંહ સીસોદીયા, જયેશકુમાર રમેશચંદ્ર ભાટિયા, દીપકસિંહ જશવંતસિંહ જાદવને ઝડપી પાડી રૂ. ૨૨૯૩૦ તથા મોબાઈલ નંગ-૫ રૂ. ૨૫૫૦૦ મળી કુલ ૪૮૪૩૦નો મુદ્દામાલ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી પોલીસ રેડ જોઈ ભાગી છૂટેલ રાજેન્દ્રસિંહ ગૌતમસિંહ ચૌહાણને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## પ્રાંતિજના પોગલુ પાટીયા પાસે રાત્રીના સમયે બંદૂકની અણીએ લૂંટ

સાબરકાંઠા જિલ્લાનાં નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના પોંગલુ પાટીયાં પાસે રાત્રીનાં સમયે એક કાર ચાલકને અજાણ્યાં મુસાફરોને લીફટ આપવી મોંઘી પડી હતી. કારચાલકને મુસાફરોના સ્વાંગમાં આવેલ ચાર લુંટારૂઓએ બંદૂક બતાવી કાર ચાલક પાસે લુંટ કરી હતી.

રાજસ્થાનનો કારચાલક આરજે--૧૨-સીએ-૧૨૭૦નો ચાલક રાજસ્થાનથી અમદાવાદ એરપોર્ટ ઉપર મુસાફરો મુકીને રાત્રીનાં સમયે પરત ફરી રહ્યો હતો તે સમયે તેને મોટાં ચિલોડાથી ચાર મુસાફરોને પોતાની કારમાં લીફટ આપી હતી અને કાર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના પોગલુ પાટીયા પાસેથી પસાર થઈ રહી હતી તે સમયે મુસાફરોના સ્વાંગમાં બેઠેલ લુંટારૂ ચાર ઈસમો દ્વારા કારને પોગલુ પાસે રોડની સાઈડમાં કરાવી અને કાર ચાલકને બંદૂક બતાવી કાર ચાલક પાસેથી ૩૦૦૦ રોકડ, તેનો ઈન્ટેકસનો મોબાઈલ જેની કિંમત-૫૦૦ રૂપિયા તથા કારની ચાવી જેની કિંમત રૂપિયા ૫૦૦ની મળી કુલ ૪૦૦૦ રૂપિયાની લુંટ કરી હતી જયારે કારચાલકે તેની પાસે રહેલ બધી રકમ જીવ બચાવવા આપી દીધી હતી અને કારચાલક દરવાજો ખોલી કાર મુકીને ભાગ્યો હતો અને રોડ સામેની સાઈડમાં રોડ ઉપર જઈને બુમાબુમ કરતાં લોકો દોડી આવ્યાં હતાં ત્યારે કારમાં રહેલ ચાર ઈસમો પણ ભાગી ગયા હતા. જયારે પોલીસને જાણ થતાં ઘટનાસ્થળે પ્રાંતિજ પીઆઈ ટી.બી. રાઠોડ સહિત પોલીસ ટીમ દોડી આવી હતી અને ડીએસપી શ્રી વાસ્તવ પણ દોડી આવ્યા અને લુંટારૂઓની શોધખોળ હાથ ધરી હતી. જ્યારે ચાર લુંટારૂઓમાંથી એક લુંટારૂનો મોબાઈલ કારમા રહી ગયો હતો જયારે કારચાલક પ્રકાશકુમાર લશ્મલાલજી ભોઈ રહે. ડુંગરપુર રાજસ્થાનની ફરીયાદના આધારે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જેમાં પોલીસે મોબાઈલ ફોનના આધારે અનીલકુમાર જસ્બીરસીંગ રહે. હરિયાણા તથા અન્ય ત્રણ ૨૫ વર્ષના લુંટારૂ સામે ફરીયાદ લખીને આગળની તપાસ હાથ ધરી છે.



## પ્રાંતિજ તાલુકાના પોગલુ પાસે કૂવામાં પડેલ રોઝ ગાયને જહેમત બાદ બહાર કઢાયું

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના પોગલુ ગામ નજીક આવેલ ખેતરમાં આવેલ ૭૦ ફૂટના કૂવામાં પડેલ રોઝને બહાર કાઢવામાં આવ્યું.

પ્રાંતિજ નજીક આવેલ પ્રાંતિજના પોગલુ ગામે રહેતાં સોમાભાઈ નારણભાઈ પટેલના ખેતરમાં આવેલ કુવામાં ગઈકાલે સાંજના સમયે ખેતરમાં આવેલ કૂવામાં રોઝ ગાય પડી હતી ત્યારે ખેતર માલિક તથા સ્થાનિકોની મદદથી કૂવામાં પડેલ રોઝ ગાયને બહાર કાઢવા મોડી રાત્ર સુધી પ્રયત્ન કર્યો હતો પણ કુવામાં પડેલ રોઝને બહાર કાઢવામાં સફળતાં મળી ન હતી. ત્યારે સવારે વન વિભાગના અધિકારી કે.પી.પટેલને જાણ કરતાં વન અધિકારી ઘટનાસ્થળે દોડી આવ્યાં હતાં તો બીજીબાજુ પ્રાંતિજ નગરપાલિકાની ફાયર ફાઈટર ટીમના મુકેશભાઈ, ગોપાલભાઈ, ફિરોઝભાઈ સહિત ટીમ પણ ઘટનાસ્થળે દોડી આવ્યાં હતાં અને રેસ્ક્યુ હાથ ધર્યું હતું અને બે કલાકની જહેમત બાદ ૭૦ ફૂટની ઉંડા કૂવામાં પડેલ રોઝ ગાયને કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યું હતું ત્યારે કૂવામાં પડેલ રોઝ ગાયને શરીરે ઈજાઓ પહોંચતા સ્થાનિક પશુ ડૉકટર સારવાર માટે બોલાઈ રાખવામાં આવ્યાં હતાં પણ કુવામાં બહાર કાઢેલ રોઝની બાંધેલ દોરીઓ છોડતા ડૉકટરી સારવાર મળે તે પહેલાં રોજ દોટ મુકીને ભાંગી ગયું હતું.



## ઉમેદપુર(જીવણપુર) દૂધ મંડળી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની ઉમેદપુર (જીવણપુર) દૂધ મંડળી ખાતે સાબરડેરીના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો. સાબરડેરીના પૂર્વ વા. ચેરમેન અને ડિરેક્ટર જયંતીભાઈ પટેલ, ડીરેક્ટર ભીખુભાઈ પરમાર, મંડળીના ચેરમેન અરૂણ પટેલના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. ઉપસ્થિત ડિરેક્ટરો અને સભાસદોને વૃક્ષારોપણનું મહત્વ સમજાવ્યુ હતુ. વધુ વૃક્ષો વાવવા અનુરોધ કર્યો હતો. સાબરડેરીના એમ.પી.ઓ જગદીશ પટેલ, હેમંત પી. પટેલ, વા. ચેરમેન હેમંત પટેલ સહીત સભાસદો ઉપસ્થિત રહી સફળ બનાવ્યો હતો.

## રામનગર ગામમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ

ભિલોડા વન વિભાગ ધ્વારા ભિલોડા તાલુકાના રામનગર ગામમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભિલોડા વન વિભાગ ઈન્ચાર્જ આર.એફ.ઓ. હરેશભાઈ પંડ્યા, પી.બી.ભાટી, કિંજલબેન ચૌધરી, વન વિભાગના અધિકારીઓ અને ગ્રામજનોની ઉપસ્થિતીમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.

## ડેમાઈની ધો-૬માં બાયડ ખાતે અભ્યાસ કરતી વિદ્યાર્થીની પર બસના ટાયર ફળી વરતા ઘટના સ્થળે મોત

બાયડ શાળામાં અભ્યાસ કરતી અને ડેમાઈ થી એસ.ટી.બસ માં અપ-ડાઉન કરતી ડીંકલ અલ્પેશગીરી ગોસ્વામીધોરણ-૬ (ઉં.વર્ષ-૧૧) અભ્યાસ કરતી હતી શાળા છૂટ્યા પછી ઘરે જવા માટે બાયડ બસ સ્ટેન્ડ પર આવી હતી અને બસ માં બેસે તે પહેલા તેના પર બસ ના ટાયર ફળી વરતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યુ મોત નિપજતા ભારે ગમગીની છવાયી હતી.

# નડીયાદના અસ્માખાન અબ્દુલખાન પઠાણની રાષ્ટ્રીય વકફ બોર્ડમાં નિમણુંક

નડીયાદ, તા. ૪

રાષ્ટ્રીય વકફ વિકાસ નિગમ લીમીટેડ દિલ્હીના સ્વતંત્ર ડાયરેક્ટર તરીકે નડિયાદમાં સન-૨૦૦૪થી રાજકારણમાં સક્રિય બનેલા અસ્માખાન અબ્દુલાખાન પઠાણીની નિમણુંક થઈ છે. આ નિગમની સન-૨૦૧૩થી રચના થઈ છે. પરંતુ કોઈ કારણસર એક્ટીવ થયું નહોતુ પરંતુ ચાર વર્ષ બાદ હોદ્દેદારોની નિમણુંક કરી નિગમને એક્ટીવ બનાવવામાં આવ્યું છે. ત્યારે હવે વકફની મિલ્કતોનો વિકાસ ઝડપી બનશે, જેના ફળ મુસ્લિમ સમાજના લોકોને મળશે. તેવી આશા સેવાઈ રહી છે.

નેશનલ વકફ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દિલ્હીના સ્વતંત્ર ડાયરેક્ટર તરીકે કેન્દ્ર સરકારે જેની નિમણુંક કરી છે તે નડિયાદના અસ્માખાન પઠાણ સન-૨૦૦૪થી રાજકારણમાં સક્રીય બન્યા છે. પાલિકામાં સભ્ય તરીકે ચૂંટાયા બાદ તેઓની પ્રગતિ ઉત્તરોત્તર વધતી ગઈ છે. તેઓ વિવિધ હોદ્દાઓ સંભાળતા આવ્યા છે. કેન્દ્ર લેવલે રાષ્ટ્રીય વકફ વિકાસ નિગમમાં તેમની નિમણુંકથી તેઓ ગૌરવ અનુભવે છે. કેમ કે તેમને હવે મુસ્લિમ સમાજ માટે સક્રિય પણે કામ કરવાની તક મળી છે. તેમણે જણાવ્યુ હતું કે આપણાં દેશમાં વકફની મિલ્કતો ખૂબ જ છે. તેની આવક પણ ઘણી છે. આ મિલ્કતોમાં મુસ્લિમ સમાજ માટે અસરકારક ઉપયોગ થાય તે માટે આ નિગમની સ્થાપના કરવામાં આવી છે. દર વર્ષે પાંચસો કરોડ સરકાર આ નિગમને ફાળવશે. જે થકી મુત્વલી સાથે મળી આ મિલ્કતોમાં શાળા, કોલેજ, હોસ્ટેલ, હોસ્પિટલ, શોપીંગ સેન્ટર વગેરે બનાવાશે. જેથી મુસ્લિમ સમાજના લોકો તેનો ઉપયોગ કરી શકે. હાલમાં રાજસ્થાનના જોતપુરમાં વકફની નેવું વીગા જમીનમાં ત્રણસો કરોડનો પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં કોલેજ, હોસ્પિટલ, શોપિંગ સેન્ટર વગેરે બનશે. ગુજરાતમાં પણ આગામી સમયમાં આવા પ્રોજેક્ટો કાર્યરત કરવામાં આવશે. જે થકી તેનો લાભ મુસ્લિમ સમાજને મળશે.



રાષ્ટ્રીય વકફ વિકાસ નિગમના ચેરમેન પદે અમીસીંગ (આઈ.એ.એસ.), એડીશનલ ડાયરેક્ટર તરીકે અદીબ અહેમદ, સ્વતંત્ર ડાયરેક્ટર તરીકે અસ્માખાન પઠાણ (નડિયાદ), ચીફ એજ્યુક્યુટીવ ઓફિસર જાનેઆલમ (આઈ.એ.એસ.), ડાયરેક્ટર મુસારાજા (આઈ.એ.એસ.), સ્વતંત્ર ડાયરેક્ટર નવાઈદુલ અસ્લામખાન તથા ડાયરેક્ટર તરીકે શાહબાઝ અલીની નિમણુંક કરવામાં આવી હોવાનું અસ્માખાને જણાવ્યું હતું.

## એશિયન ગ્રેનીટો ઈન્ડીયા લીમીટેડ કંપની દ્વારા બનાસકાંઠાના અસરગ્રસ્તો માટે કિટ પહોચાડવામાં આવી

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કાટવાડ પાટીયા પાસે આવેલ એશિયન ગ્રેનીટો ઈન્ડીયા લીમીટેડ કંપની દ્વારા બનાસકાંઠાના અસરગ્રસ્તો માટે રોજીંદી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની કિટ તૈયાર કરી બનાસકાંઠાના અંતરીયાળ વિસ્તારમાં પહોચાડવામાં આવી.

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદ અને પૂરના કારણે ગામે-ગામ પુરના પાણી ફરી વળતાં ઘરવખરી સહિતનો સામાન નાશ પામ્યો હતો તો કોઈ જગ્યાએ પાણીમાં તણાયો હતો અને ઘરવખરી સહિતનો સરસામાન સાથે ઢોરઢાંખર પણ પાણીમાં તળાઈ હતાં અને લોકો ઘરવિહોણાં થયાં હતાં તો પશુઓને પણ ઘાસચારાની મોટી સમસ્યા પેદા થઈ છે. ત્યારે સામાજિક સંસ્થાઓ સહિત લોકો બનાસકાંઠાની મદદે દોડી આવ્યા છે. ત્યારે એશિયન ગ્રેનીટો ઈન્ડીયા લીમીટેડ કંપનીના સી.એફઓ કાલીદાસભાઈ પટેલ, ડાયરેકટર મહેશભાઈ પટેલ, ડાયરેકટર વિપુલભાઈ પટેલ, કુણાલભાઈ સહિત એશિયન પરિવાર દ્વારા કિટ તૈયાર કરી કંપનીના સ્ટાફ દ્વારા બનાસકાંઠાના અંતરિયાળ વિસ્તારોમાં જઈ જરૂરીયાત અસરગ્રસ્તોને પહોચાડવામાં આવી હતી જેમાં પ્રાઈમસ, કેરોસીન, લોટ, કરીયાણા સહિતની ૨૦૦૦થી વધારે કિટો તૈયાર કરી હતી અને પશુઓ માટે પણ ત્રણ ગાડી પશુ ઘાસ સાથે પહોચાડવામાં આવ્યું હતું.